# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

**Accredited Grade "A" by NAAC (CGPA 3.28)**

## -: સિન્ડિકેટની ચૂંટણી અંગેની જાહેરાત :-

આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના ધારાની કલમ-19(2) મુજબ આ યુનિવર્સિટીની સિન્ડિકેટની મુદત તા.02-06-2022 ના રોજ પૂર્ણ થનાર છે.

1. ધારાની કલમ-19(1) (iii)પ્રમાણે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સિન્ડિકેટ પર, સેનેટમાં સંલગ્ન કોલેજના આચાર્યશ્રી સભ્યોના વિભાગની જગ્યાઓ માટેની આગામી ચુંટણી અંગેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

| અનુ. નં. | મતદાર વિભાગ | જગ્યાઓ | ઉમેદવારી પત્રકો સ્વીકારવા ની છેલ્લી તારીખ તથા સમય | ઉમેદવારી પત્રકોની ચકાસણીની તારીખ તથા સમય | ઉમેદવારી પત્રકો પાછા ખેંચવાની તારીખ તથા સમય | ચૂંટણીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| 1. | સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓનો મતદાર વિભાગ | 2(બે) | 12/10/2020 સાંજના 4-00 વાગ્યા સુધી | 13/10/2020 સાંજના 4-00 વાગ્યે | 14/10/2020 સાંજના 4-00 વાગ્યા સુધી | 27/10/2020 સવારના 11-00 થી 12-00 સુધી |

2. સ્ટેચ્યુટ-71(1) અન્વયે તૈયાર રાખવામાં આવેલી મતદાર યાદીઓમાં જેમના નામો હશે, તેમને ઉપર્યુકત ચૂંટણીમાં મતાધિકાર રહેશે તથા ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે. મતદાર તા.15/09/2020 નાં રોજ મતદાર યાદી દરેક મતદારોને મોકલી આપેલ છે.

3. ઉમેદવારી પત્રકો નિયત કરેલ ફોર્મમાં હોવા જોઈએ અને તેમાં ઉમેદવાર તેમજ બે મતદારો કે જેમને સંબંધિત વિભાગમાં મત આપવાનો અધિકાર છે, તેમની સહી, તારીખ, તેમના પુરા નામ, જો કોઈ પદવી હોય તો પદવી, તેમના પુરા સરનામા અને હોદા વગેરે હોવા જોઈએ. આવા ઉમેદવારી પત્રકો યુનિવર્સિટીના કુલસચિવ ને ઉમેદવારી પત્રકો તા.12/10/2020 ના રોજ સાંજના 4-00 વાગ્યા સુધીમાં પહોંચાડવા જોઈએ.

4. ઉમેદવારી પત્રક ઉપર પોતાની સંમતિ દર્શાવ્યા વગર કોઈપણ મતદાર ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે નહી.

5. ઉમેદવારી પત્રક (નોમિનેશન ફોર્મ) નંગ-2 (બે) દરેક મતદારોને આ સાથે મોકલેલ છે.
**(યુનિવર્સિટી દ્વારા મોકલાવેલ ઓરીજનલ સિક્કા વાળુ નોમીનેશન ફોર્મ ભરીને મોકલાવવાના રહેશે.)**

6. આ ચૂંટણી અંગેના ઉમેદવારી પત્રકોની ચકાસણી તા13/10/2020 ના રોજ સાંજના 4-00 વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવાનું નકકી કરવામાં આવ્યુ છે. ઉમેદવાર પોતે અગર તેમણે આ સંબંધમાં જેમને લેખિત અધિકાર આપ્યો હોય તેવી વ્યકિત આ ચકાસણી વખતે હાજર રહી શકશે.

8. સ્ટેચ્યુટ-118 અનુસાર ઉમેદવારી પત્રકોની ચકાસણી બાદ મોડામાં મોડું તા.14/10/2020 ના રોજ સાંજના 4-00 વાગ્યા સુધીમાં ઉમેદવારીપત્રક પાછું ખેંચી શકાશે.

9. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી ધારાની કલમ-48 મુજબ આ ચુંટણી "Proportional Representation by means of a Single Transferable Vote"ની પધ્ધતિ અનુસાર ગુપ્ત મતદાનથી કરવામાં આવશે. સ્ટેચ્યુટ-126 મુજબ : (1)પ્રત્યેક મતદારને એક સંક્રામ્ય (Transferable) મત આપવાનો અધિકાર રહેશે. (2)(અ) જે ઉમેદવાર માટે મત આપવામાં આવે તે ઉમેદવારના નામની સામે મતપત્રમાં મતદારે 1 દર્શાવવો આવશ્યક છે. (બ)વધારામાં પોતાની પસંદગીના બીજા ઉમેદવારોના નામોની સામે 2,3,4,5 અને તે પછીની સંખ્યા પ્રમાણે ક્રમાંક દર્શાવી શકાશે.

10. ચૂંટણીમાં હરિફાઈ થશે, તો હરિફ ઉમેદવારો અંગેની માહિતી મતદારોને ઉમેદવારી પત્રકોની ચકાસણી પછી બનતી ત્વરાએ મોકલવામાં આવશે.

જામનગર.

તા.15-09-2020

(એચ. પી. ઝાલા)
ઇ. કુલસચિવ

રજીસ્ટર એ.ડી.

નં.એસએસ-5/12/2020-21/ ૯૨૫૩

પ્રતિ,

તા.15-09-2020

1) સંબંધિત વિભાગના સર્વે મતદારો તરફ....
2) સેનેટના સર્વે સદસ્યશ્રીઓ તરફ...

નકલ રવાના:-

(1) પી. એસ. ટુ વી. સી.
(2) પી. એ. ટુ રજીસ્ટ્રાર
(3) પી.પી.એસ. (આઈ.ટી) ટુ વી.સી. :- ઉપરોક્ત વિગત વેબ સાઈટ પર મુકવાની સુચના સાથે.